Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૨.

અંક ૧૨ મો. આષાઢ : જુલાઇ

તા. ૧૦-૭-૧૯૪૬.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર : —

For Private And Personal Use Only

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | અમર નૌકા ... ... ... | લે. ગોવિંદલાલ ક. પરીખ | ૨૧૧ |
| ૨ | મૃત્યુની મુંજવણ ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૨૧૩ |
| ૩ | શ્રમણોપાસક ધર્મભાવના ... ... | લે. આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ | ૨૧૬ |
| ૪ | કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | લે. મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ | ૨૨૦ |
| ૫ | સાચો વિજય ... ... ... | લે. અનુ. અભ્યાસી | ૨૨૩ |
| ૬ | શ્રીમાન યશોવિજયજી ... ... ... | લે. ડૉ. ભગવાનદાસ મનસુખલાલ મહેતા | ૨૨૫ |
| ૭ | વર્તમાન સમાચાર ... ... ... | સભા | ૨૨૭ |
| ૮ | સ્વીકાર સમાલોચના ... ... ... | સભા | ૨૨૮ |
| ૯ | વાર્ષિક-અનુક્રમણિકા ... ... ... | સભા | ૨૨૯ |


## આ માસમાં નવા થયેલ સભાસદો.

૧ પરીખ ધીરજલાલ સોભાગચંદ પાલનપુર — લાઇફ મેમ્બર

---

## આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સૂચના અને પુસ્તક ૪૩-૪૪ ની ભેટની બુક.

સખ્ત મોંઘવારી અને રાજ્ય તરફથી છાપવાના કાગળ પર કન્ટ્રોલ નિયમનને લઇને કાગળ નહીં મળતા હોવાથી પુસ્તક ૪૩-૪૪ વર્ષની ભેટની બુક છપાઇ શકે તેમ ન હોવાથી, સંયોગાધીન થઇ અમારા માનવંતા ગ્રાહકોને સભાએ અગાઉ છપાવેલી અને લાઇફ મેમ્બરોને તે વખતે ભેટ આપેલી ૧. **આચાર ઉપદેશ,** ૨. **શ્રાવક કલ્પતરુ,** ૩. **અધ્યાત્મમતપરીક્ષા.** આ ત્રણે બુકો પૈકી એક આ વખતે આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને પુ. ૪૩/૪૪ ની ભેટ આપવી તેમ નિર્ણય થયો છે, જેથી અમારા ગ્રાહકોને ઉપરોક્ત ત્રણ બુકોમાંથી કઇ એક બુક પસંદ છે, તે અમોને અશાડ શુદ ૧૪ સુધીમાં લખી જણાવવું તેથી તેમને તે બુક ભેટ મોકલવામાં આવશે અને જેમનો ઉપરોક્ત બાબતનો ખુલાસો કંઇપણ નહિ આવે તેને સભા તે ત્રણમાંથી એક બુક લવાજમ વર્ષ ૨ નું રૂા. ૩।। તથા પોસ્ટેજ ०।≈ મળી રૂા. ૩।।।≈ નું વી. પી. થી ભેટ મોકલશે. તે અમારા સુજ્ઞ ગ્રાહકો સ્વીકારી લેશે, એવી અમારી નમ્ર સૂચના છે. **ભેટની બુક વી. પી. થી અશાડ વદી ૧ થી શરૂ થશે. જેથી** વી. પી. પાછું મોકલી જ્ઞાનખાતાને નુકશાન ન કરવા ભલામણ છે.

---

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર.** { **ભેટના બે સુંદર ગ્રંથો** છપાઈ ગયેલ છે. } **૨. શ્રી મહાવીર દેવના વખતની મહાદેવીઓ.**

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઈ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઇડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો

ટા. પા. ૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૨. | આષાઢ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ જુલાઈ :: | અંક ૧૨ મો. |


## અમર–નૌકા.

જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે,
પી પીને યૌવનની મદિરા મૂર્ખ જનો ન ફુલાશો રે;
હું છું ચિરસંગિની તમારી,
ક્ષણભંગુર કાયા સુકુમારી;
ક્ષણિક મોહમય વિષયવાસના તે પર ના લલચાશો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૧
ક્ષણિક મધુરતા નયન અધરની,
સૌંદર્યોની ક્યારી ક્ષણની;
જગની માયામયી મધુરતા તેથી ના લલચાશો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૨
દુનિયા છે છલમયી નિરાળી,
સદા છલકતી મધુની પ્યાલી;
લાગ્યો પાશ હસે છે માયા બચીને નેહ લગાડો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સગાઇ તારી અમર નગરથી,
જાવું છે કર્તવ્ય દુર્ગથી;
કાંટા મોહતણા પગ વચ્ચે સમાલીને ડગ ભરશો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૪

ભીષણ મૂર્તિ મારી કાળી,
જીવન મંદિરની અંધારી;
પણ મારા પથથી જ તમે તો અમર નગરમાં જાશો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૫

આ ભવસાગર વિષયવાસના,
ભમરા ભીષણ સુખદ કલ્પના;
યાદ આવશે મારી નૌકા સત્ય રાહ પર જાશો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૬

વીતરાગ છે માતા મારી,
સુસ્મૃતિ તેની માયા દાસી;
તૃષ્ણા મુજથી તને ડરાવે તેથી દેહને રક્ષો રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૭

અમર નગરની હું પટરાણી,
મારી યાદ છે વિશ્વકલ્યાણી;
નામ મૃત્યુનું વિકટ છતાં એ અમર નૌકા ગાશું રે,
જીવનના મધુમય સ્વપ્નોમાં મને ન ભૂલી જાશો રે. ૮

રચયિતા—

**ગોવિંદલાલ ક. પરીખ-કડી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુની મૂંઝવણ

લેખક—આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જ્યારે જીવ અનિચ્છાથી દેહ છોડે છે ત્યારે તેની જે અવસ્થા થાય છે તેને સાચી રીતે સર્વજ્ઞ સિવાય કોઇ પણ પ્રત્યક્ષ કરી શકતું નથી; દેહ છોડનાર ખુદ જીવ પોતે પણ જાણી શકતો નથી કે મારી શી દશા થઇ રહી છે, માત્ર એટલું જ જાણે છે કે મને દુઃખ થાય છે. જીવે માનેલા દુઃખની માત્રા વધતી જાય છે તેની સાથે સાથે સહનશક્તિના અભાવે શુદ્ધિ ઓછી થતી જાય છે અને જ્યારે સહનશક્તિ તદ્દન મંદ થઇ જાય છે ત્યારે સંપૂર્ણ શુદ્ધિ ખોઇ બેસે છે. ત્યારપછી વચન તથા વિચારનો ઉપયોગ કરી શકતો નથી. ક્વચિત કાયાની વિચિત્ર ચેષ્ટા કરે છે જેને જોઇને પાસે બેઠેલા અનુમાન કરે છે કે–બિચારો અત્યંત દુઃખે પ્રાણ છોડી રહ્યો છે! જીવ જ્યારે દુઃખનો સામનો કરતાં થાકી જાય છે અને દુઃખ પોતાની સત્તા નીચે દબાવે છે ત્યારે આર્ત્તનાદ કરીને દુઃખની પ્રબળતા જણાવે છે અને પછી તદ્દન બેશુદ્ધ થઇ જાય છે. જેમણે પોતાના જીવનકાળમાં દુઃખની સાથે ઝુઝીને તેને પરાજિત કરવાની શક્તિ કેળવી છે તેઓ દેહ છોડવાની અંતિમ ક્ષણ સુધી દુઃખની સત્તા નીચે દબાતા નથી અને અકળાયા કે ગભરાયા વગર દેહનો શાંતિથી ત્યાગ કરે છે. ફરક એટલો જ હોય છે કે જ્ઞાનીયોની શાંતિમાં સમભાવ હોય છે ત્યારે અજ્ઞાનીયોની શાંતિમાં વિષમ ભાવ હોય છે.

માનવીના જીવનકાળમાં અનેક પ્રકારની મૂંઝવણો આવે છે પણ તે બધીયે દૂર કરવાના અનેક ઉપાયો હોય છે. અને તે પ્રયત્ન કરવાથી દૂર પણ કરી શકાય છે, પરંતુ મૃત્યુની મૂંઝવણ દૂર કરવાનો એકે ઉપાય નથી. જો માનવી જીવનનિર્વાહના સાધન વગર મુંઝાતો હોય તો, વ્યાજે નાણાં લઇ વેપાર કરીને, મહેનત મજૂરી કરીને અને છેવટે ભીખ માગીને પણ જીવવાનું સાધન મેળવી શકે છે. અને જો સર્વ પ્રકારે અશક્ત હોય તો દાતા–દયાળુ શ્રીમંતો જીવનનિર્વાહનાં સાધન પૂરા પાડીને મૂંઝવણ દૂર કરી શકે છે. વ્યાપારમાં મોટી ખોટ આવી હોય અને મૂંઝવણ થતી હોય તો બીજાઓ તેને શુભ સમયના આગમનની આશા દેખાડી આશ્વાસન આપી શકે છે અને વ્યાપાર માટે જોઈતું ધન આપીને મુંઝાવા દેતા નથી. ધનવાન પુત્રના અભાવે મુંઝાતો હોય અને અનેક ઉપાયો કરવા છતાં પણ સંતતિ ન થાય તો છેવટે કોઇને ખોળે લઇને પણ પુત્રની મૂંઝવણ દૂર કરી શકે છે. માંદો માણસ મંદવાડથી મુંઝાઈ રહ્યો હોય તો વૈદ્ય દવાઓ આપીને અને મહિનામાં સાજા થઈ જશો એવું આશ્વાસન આપીને મુંઝાતા રોગીને શાંતિ પમાડે છે. આ પ્રમાણે જીવનકાળની મૂંઝવણો અનેક પ્રકારે દૂર કરી શકાય છે; પણ મૃત્યુની મૂંઝવણમાં આમાંનો એકેય ઉપાય કામ આવી શકતો નથી. મરતા માણસને કોઇ પોતાના જીવનમાંથી એક ક્ષણ પણ આપીને મૂંઝવણ દૂર કરી શકે નહીં. તમે મરવાના નથી, ફિકર કરશો નહીં એવું આશ્વાસન પણ આપી શકાય નહીં. અને કદાચ શાંતિ માટે આપવામાં આવે તો પણ દેહ છોડવાની વેદના અનુભવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યો હોય એટલે માને પણ નહીં. મહાસમર્થ વિકાસી પુરુષોને પણ મૃત્યુએ છોડ્યા નથી તો પછી આપણું શું ગજું ? મૃત્યુ બધાયને માટે સરખું જ છે આવો ઉપદેશ પણ મરનારની મૂંઝવણ દૂર કરી શકે નહીં; કારણ કે મહા-પુરુષોએ તો પોતાના આત્મિક બળથી મૃત્યુનો પરાજય કરેલો હોય છે અને પોતાના સમ્યગ્-જ્ઞાનથી દેહ તથા આત્માની ભિન્નતા સાચી રીતે જાણીને આત્મવિકાસ કરેલો હોવાથી મૃત્યુ પછી સ્વર્ગ કે મોક્ષ સુખના ભોગી હોય છે એટલે તેમને દુઃખ કે મૂંઝવણ જેવું કશું યે હોતું નથી પણ મૃત્યુનું નામ સાંભળતાં જ ભયભીત થનાર વિષયાભિનંદી–દેહાધ્યાસી જીવની દશા મહાપુરુષોથી તદ્દન વિપરીત હોવાથી મહા-પુરુષની દશાનો ઉપદેશ પામર જીવના મૃત્યુની મૂંઝવણ દૂર કરી શકતો નથી. એટલા માટે જ મરનારને આમ કહીને પણ શાંત્વન આપી શકાય નહીં કે–વહેલું મોડું પણ એક દિવસ તો મર-વાનું છે જ; પરંતુ આત્મા તો અમર છે. આ તો જેમ જૂના કપડાં બદલીને નવા પહેરીએ છીએ તેમ જૂનું શરીર બદલીને નવું શરીર માત્ર ધારણ કરવાનું છે. આમ કહેવાથી તો પુદ્‌ગલાનંદી જીવની મૂંઝવણ ઘટવાને બદલે વધી જવાથી અતિશય દુઃખી થાય છે.

વરાળના પ્રયોગથી નાની મોટી મીલો ચાલે છે. તે વરાળને ઉત્પન્ન કરનાર મૂળ યંત્ર-( બોઇલર )માં બગાડ થવાથી ઠંડું પડી જઈને કામ આપી શકતું નથી ત્યારે વરાળ ન ઉત્પન્ન થવાથી આખી મીલ બંધ પડી જાય છે અને ડ્રાઈવર–મીલનો અધિષ્ઠાતા મુંઝાઇને મીલ છોડીને ચાલતો થાય છે; તેમ હૃદયની ગતિથી વરાળરૂપ શ્વાસોશ્વાસ ઉત્પન્ન થાય છે જેને લઇને દેહરૂપી મીલ ચાલ્યા કરે છે અને તેમાં રહેલાં ભિન્ન ભિન્ન પ્રકારનાં યંત્રો પોતાનું કાર્ય કર્યે જાય છે, પણ જ્યારે હૃદયમાં બગાડ થાય છે અને ઠંડું પડી જાય છે ત્યારે શ્વાસોશ્વાસ ઉત્પન્ન થવાથી દેહરૂપ મીલ બંધ પડી જાય છે અને તેનો અધિષ્ઠાતા આત્મા મુંઝાઇને દેહ છોડી ચાલ્યો જાય છે.

આત્માની સાથે અનાદિ કાળથી ઓતપ્રોત થઇને રહેલા કારણ (કાર્મણ) શરીરમાંથી કાર્ય ( ઔદારિકાદિ ) શરીર ઉત્પન્ન થાય છે. કાર્ય શરીરનાં મૂળ કારણ શરીરમાં વળગેલાં હોય છે તે મૂળમાં થઇને ચૈતન્ય–જ્ઞાનનો પ્રવાહ દેહમાં વહ્યા કરે છે. ત્યાં સાધનોની ભિન્નતાને લઇને એક જ પ્રકારે વહેતો જ્ઞાનનો પ્રવાહ અનેક પ્રકારના કાર્ય તરફ વળતો જણાય છે. જેમ એક જ પ્રકારનો વિજળીનો પ્રવાહ સાધન-ભેદને લઇને પ્રકાશ, પવન, રસોઈ આદિ અનેક પ્રકારનાં કાર્ય કરે છે તેમ દેહમાં વહેતો જ્ઞાનનો પ્રવાહ પણ ઇંદ્રિયરૂપ સાધનોની ભિન્નતાને લઈને સાંભળવાનું, જોવાનું, સુંઘવાનું, ચાખ-વાનું અને સ્પર્શનું એમ પાંચ પ્રકારના જ્ઞાનથી ઓળખાય છે. તે પ્રવાહ જ્યારે કાર્ય શરીર-રૂપ દેહના મૂળીઆના તંતુઓ કારણ શરીર-માંથી તૂટવા માંડે છે ત્યારે મંદ ગતિમાં વહે છે. એટલે પાંચે ઈંદ્રિયોના જ્ઞાનમાં શિથિલતા આવી જાય છે, જેને બેશુદ્ધિ કહેવામાં આવે છે. અને કાર્ય શરીરના મૂળીઆનું કારણ શરીર-માંથી તૂટવું તેને નસો તૂટે છે અથવા પ્રાણ છૂટે છે ઇત્યાદિ લોકભાષામાં કહેવાય છે. અને તેને જ જીવ મહાવેદનાપણે અનુભવીને મુંઝાય છે. તે દેહના મૂળીયાં સર્વથા તૂટી ગયા પછી કારણ અને કાર્ય શરીરનો સંબંધ સર્વથા છૂટી જાય છે ત્યારે સર્વથા જ્ઞાનશૂન્ય દેહને મૃત શરીર ( મડદું ) કહેવામાં આવે છે. આ બંને શરીરના વિયોગની અંતિમ ક્ષણ મૃત્યુ કહેવાય છે. તે મૃત્યુ થયા પછી આત્માને મૃત્યુ-સમયની વેદના કે મૂંઝવણ કશુંય હોતું નથી. જેમ આંધળો માણસ આંખના અભાવે બાહ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતને જોઈ શકતો નથી પણ પોતાને જાણી શકે છે કે હું અમુક છું અથવા તો આંખોથી જોયેલી વસ્તુઓનું સ્મરણ રહે છે તેમ જીવ પણ દેહ-ઇંદ્રિયાદિ સાધનના અભાવે બાહ્ય જગતને જાણી શકતો નથી પણ અવ્યક્ત દશામાં પોતાને જાણી શકે છે અને પૂર્વ દેહ-દ્વારા અનુભવેલા પ્રસંગોને સંસારરૂપે સ્મૃતિમાં રાખી શકે છે. જેથી દેહાદિ સાધન મળ્યા પછી વ્યક્ત દશામાં સંસ્કાર પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.

જેમ વિજળીના પ્રવાહમાં અદૃશ્યપણે પ્રકાશ રહેલો હોય છે અને તે પ્રવાહ પંખો કે મીલ ચલાવવાના સાધનમાં વહે છે ત્યાં પણ પ્રકાશ રહેલો હોય છે છતાં દૃષ્ટિગોચર થતો નથી, તે જ્યારે કાચના ગોળામાં જાય છે ત્યારે સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. અને કાચના ગોળાની શક્તિના પ્રમાણમાં અજવાળું કરે છે, તેમ ચૈતન્યમાં અદૃશ્યપણે જ્ઞાન રહેલું હોય છે તેનો પ્રવાહ આખાય શરીરમાં વહે છે પણ ત્યાં જ્ઞાન સ્પષ્ટ જણાતું નથી પણ મસ્તકમાં કે જ્યાં અત્યંત સ્વચ્છ કાચના ગોળાની જેમ જ્ઞાન-તંતુઓની-પૌદ્‌ગલિક સ્કંધોની રચના છે ત્યાં આગળ વહેતા ચૈતન્યના પ્રવાહમાં રહેલા જ્ઞાનનો પ્રકાશ સ્પષ્ટ જણાય છે. તે જ્ઞાન પ્રકાશના દ્વારની સાથે જ સાંભળવાની, જોવાની, સુંઘવાની, ચાખવાની અને સ્પર્શની ઇંદ્રિયોની પૌદ્‌ગલિક રચનાનો સંબંધ રહેલો છે. તે ઇંદ્રિયો જ્ઞાનના પ્રકાશમાં પોતપોતાનું કામ કર્યે જાય છે, પણ જ્યારે જ્ઞાનતંતુઓની આડો કોઇ વિરોધી પદાર્થ ( દર્શનાવરણીય ) આવી જાય છે ત્યારે જ્ઞાનતંતુઓમાં વહેતા ચૈતન્યમાંથી જ્ઞાનનો પ્રકાશ બહાર આવી શકતો નથી એટલે કોઇ પણ ઇંદ્રિય પોતાનું કાર્ય કરી શકતી નથી ત્યારે તેને ઊંઘી ગયો અથવા બેશુદ્ધ થઇ ગયો કહેવામાં આવે છે. તે દેહનાં બીજા કોઇ પણ અવયવમાં તીક્ષ્ણ કે કર્કશ વસ્તુનો સ્પર્શ થવાથી પ્રકાશ અટકાવનાર વિરોધી પદાર્થ જ્ઞાનતંતુઓની આડચમાંથી ઝટ ખસી જાય છે એટલે જ્ઞાનનો પ્રકાશ સમીપમાં રહેલી ઇંદ્રિયોની રચનામાં પડવાથી જીવ બધુંયે પોતે જાણે છે ત્યારે તેને શુદ્ધિમાં આવ્યો-જાગ્યો એમ કહેવામાં આવે છે. ઔષધિના પ્રયોગથી જ્ઞાનતંતુની આડે આવનારા બાધક પદાર્થો જેવાંકે મોહનીય-દર્શનાવરણીય-દઢપણે સ્થિર થવાથી શરીરનાં કોઇપણ અવયવમાં છેદન ભેદન કે દહનની ક્રિયા કરવામાં આવે તો પણ તે બાધક પદાર્થ ખસી શકતો નથી. જ્યારે ઔષધિના પરમાણુઓની અસર ખસી જાય છે ત્યારે સ્થિર રહેલો બાધક પદાર્થ પણ ખસી જાય છે. અને જ્ઞાનનું અજવાળું આખાયે શરીરમાં પ્રસરે છે ત્યારે પૂર્વે શરીર ઉપર થયેલી ક્રિયાના પરિણામને અને વર્તમાન કાળની પરિસ્થિતિને સારી રીતે જાણે છે. એટલે શુદ્ધિમાં આવ્યો કહેવાય છે. આ બધીયે બેશુદ્ધિયો ખસી શકે છે, તેને ખસેડવાના ઉપાયો પણ છે, તેમજ આ બેશુદ્ધ થવામાં કાંઈક મૂંઝવણ પણ હોય છે અને તે દૂર પણ થઇ શકે છે; પરંતુ મૃત્યુની બેશુદ્ધિ અને મૂંઝવણ ખસેડવાનો કોઇ પણ ઉપાય નથી તેમજ ખસી શકતી પણ નથી કારણ કે મૃત્યુની અવસ્થામાં જીવનપ્રવાહ જ વહેતો બંધ પડી જાય છે. ત્યારે જીવનકાળની અવસ્થામાં જીવનપ્રવાહ વહેતો અટકતો નથી કારણ કે કારણ અને કાર્યશરીરનો સંબંધ કાર્યશરીરનાં મૂળીયાના તંતુઓ કારણ શરીરમાં દઢપણે વળગી રહેલાં હોવાથી અત્યંત દઢપણે બન્યો રહે છે એટલે શુદ્ધિ પણ આવી શકે છે અને મૂંઝવણ પણ દૂર થઈ શકે છે.

માનવી પોતાની ઇચ્છા પ્રમાણે થાય તો મુંઝાય નહીં; પણ કરિયાતું મીઠું લાગવું જોઈએ અને સાકર કડવી લાગવી જોઇએ. દેવતાએ શીતળતા આપવી જોઈએ અને પાણીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણોપાસક ધર્મભાવના

લેખક—આ. શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૧૮૦ થી શરૂ.)

તત્ત્વભૂત પદાર્થોની ઉપર શ્રદ્ધા રાખવી એટલે તેને સાચા માનવા તે સમ્યગ્દર્શન કહેવાય. કહ્યું છે કે "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" (શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં) એટલે પ્રભુ શ્રી તીર્થંકરાદિ લોકોત્તર મહાપુરુષોએ કહેલી બીના સાચી જ છે. તેમના કહેવામાં (વચનમાં) લગાર પણ શંકા કરી શકાય જ નહિ; માટે જ કહ્યું છે કે—"**तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइयं**" આત્માના આવા પરિણામનું નામ સમ્યક્ત્વ કહેવાય, અનન્તાનુબંધી કષાય વિગેરે સાત પ્રકૃતિઓના ક્ષયોપશમ, ઉપશમ અથવા ક્ષયથી આ ગુણ પ્રગટ થાય છે. આવા ગુણને ધારણ કરનારા જીવો પણ શ્રેણિક, સત્યકી વિદ્યાધર, કૃષ્ણ મહારાજા વિગેરેની માફક શ્રાવક તરીકે કહી શકાય; કારણ કે શ્રાવકના બે ભેદ કહ્યા છે. ૧. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક, શ્રાવક ધર્મના વ્રત લેવાની ઇચ્છા છતાં મોહનીય કર્મના તીવ્ર ઉદયથી ન લઇ શકે, એવા પ્રભુ વચનની ઉપર તીવ્ર શ્રદ્ધાવાળા ભવ્ય જીવો. ૨. બાર વ્રતોમાંથી યથાશક્તિ વ્રતોની સાધના કરનારા ભવ્ય જીવો. સમ્યગ્દૃષ્ટિ વગેરે ભવ્ય જીવો આવી દૃઢ ભાવના રાખે છે કે જેઓએ રાગ, દ્વેષ, મોહાદિ દોષોને દૂર કર્યા છે, અને જેઓ ચોત્રીશ અતિશયોને ધારણ કરે છે, તથા જેમની વાણી પાંત્રીસ

---

બાળવું જોઈયે. આવી અજ્ઞાનતાભરેલી અસંભવિત ઈચ્છા શા કામની? જન્મની પ્રકૃતિ જ મૃત્યુ છે. અર્થાત્ જન્મ મૃત્યુના ધર્મવાળો છે તે પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તશે જ, જેનો જન્મ તેનું મૃત્યુ થવાનું જ. જગતના ભાવો પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તેમાં માનવીને મિથ્યા કલ્પના કે અસંભવિત ઇચ્છા કરીને મુંઝાવાની જરૂરત નથી. સંયોગ, વિયોગ સ્વરૂપવાળો હોય છે, સંયોગ, વિયોગની વિકૃત દશા છે, વિયોગ શાશ્વતો છે અને સંયોગ મર્યાદિત છે. ભિન્ન ગુણ ધર્મવાળા પદાર્થોનો સંયોગ થાય છે, અને તે પદાર્થો નિરંતર ભિન્ન સ્વરૂપવાળા જ હોય છે. આત્મા અને દેહ ભિન્ન ધર્મવાળા છે, સ્વરૂપથી જ શાશ્વતા ભેદને ધારણ કરવાવાળા છે. તેમના સંયોગરૂપ જીવનમાં જીવતો માનવી પોતાના સ્વભાવ પ્રમાણે બંનેના વિયોગરૂપ મૃત્યુ પામે છે ત્યારે ઘણો જ મુંઝાય છે; પણ તે મૂંઝવણ તેની સંપૂર્ણ અજ્ઞાનતા સૂચવે છે, કે જેને મિથ્યાત્વ કહી શકાય. જે માનવી ધનાદિ બાહ્યની જડાત્મક સંપત્તિના વિયોગમાં મુંઝાય છે, અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓના સંયોગ–વિયોગમાં હર્ષ શોક કરે છે તે દેહના વિયોગમાં અવશ્ય મુંઝાવાનો જ. અને જ્યાં સુધી આ મૂંઝવણ દૂર નહીં થાય ત્યાં સુધી તેની જ્ઞાનીયોની કોટિમાં ગણના થઇ શકતી નથી. સમ્યગ્જ્ઞાન વગર એટલે પ્રભુની દૃષ્ટિથી જગતને દૃષ્ટિગોચર કર્યા વગર આત્માની મૂંઝવણ દૂર થઇ શકવાની નથી, માટે જગતને અજ્ઞાનીયોની દૃષ્ટિથી ન જોતાં પ્રભુની દૃષ્ટિથી જોતાં શીખવાની અત્યંત આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોથી શોભાયમાન છે, એવા પ્રભુ શ્રી તીર્થંકરાદિ અરિહંત ભગવંતો મારા દેવ છે. તથા પંચ મહાવ્રતોની આરાધના કરનારા, ચરણસિત્તરી કરણસિત્તરીને સાધનારા તેવા નિઃસ્પૃહી શ્રમણ નિર્ગ્રન્થો કે જેઓ ધર્મના સ્વરૂપને જાણે અને જણાવે છે તે મારા ગુરુ છે. કહ્યું છે કે-

**धर्मज्ञो धर्मकर्त्ता च, सदा धर्मपरायणः।**
**सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥ १ ॥**

તથા પ્રભુદેવે કહેલો કષ, છેદ, તાપરૂપ ત્રિપુટીશુદ્ધ, અવિચ્છિન્ન પ્રભાવશાલી, ત્રિકાલાબાધિત દુર્ગતિનાશક, મુક્તિદાયક શ્રી જિનધર્મ એ મારો ધર્મ છે, આ બાબતમાં ફક્ત વ્યવહારને જાળવવાની ખાતર બીજાને નમસ્કારાદિ કરવા પડે. તથા સ્વલિંગી એટલે જેનામાં મુનિના ગુણો નથી પણ તે આપણા ઉપકારી હોય, તેને વ્યવહારદૃષ્ટિએ અથવા ઉપકારની દૃષ્ટિએ વંદનાદિક કરવા પડે, તેની જયણા અને બીનસમજણ લઇને અથવા ઉપયોગની ખામીને લઈને કુદેવ, કુગુરુ, કુધર્મને અનુક્રમે સુદેવ, સુગુરુ, સુધર્મ તરીકે માનવામાં આવે તેની જયણા. આ બાબતની યથાર્થ માહિતી મળે, ત્યારે મારે તે બાબતની શ્રી ગુરુ મહારાજની પાસે આલોયણ લેવી.

૧. સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવોએ, સવારે પ્રભુદેવના દર્શનપૂજનાદિ કર્યા બાદ યથાશક્તિ નવકારશી વિગેરે પચ્ચખ્ખાણ જરૂર કરવું જોઇએ. સાંજે ચોવિહાર વિગેરે પચ્ચખ્ખાણ કરવું.

૨. પોતાની આવકના પ્રમાણમાં અમુક ભાગ સાત ક્ષેત્રોમાં (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિનમંદિર, જિનપ્રતિમા, જ્ઞાનમાં) જરૂર વાપરવો.

૩. છતી જોગવાઇએ ત્રિકાલ (સવારે, બપોર, સાંજે) દેવદર્શનપૂજન કરવું. તેમ ન કરે તો બીજે દિવસે અમુક ચીજ ખાવાનો ત્યાગ, માંદગી સૂતક વગેરે જરૂરી કારણે જયણા, મુસાફરી વિગેરેના પ્રસંગે પાસે રાખેલા શ્રી સિદ્ધચક્રજીના ગટ્ટા આદિની વાસક્ષેપથી પૂજા વિગેરે કરે, ખાસ જરૂરી કારણે હંમેશાં જિનપૂજા કરવાને અસમર્થ શ્રાવકોએ છેવટે ૧૨-૧૦-૫ તિથિમાં તો જરૂર પ્રભુપૂજા કરવી જોઇએ, અને ધીમે ધીમે કાયમ કરવાનો અભ્યાસ પડે તેવી લાગણી જરૂર રાખવી.

આ પ્રસંગે જેમ બને તેમ આશાતના દોષ ન લાગે, તેમ બંને (શ્રાવક, શ્રાવિકા) સમુદાયે જરૂર કાળજી રાખવી. આ બાબતમાં કહેવત છે કે-'દેવ ન મારે ડાંગ, દેવ કુબુદ્ધિ આપે' જે દેવની અશાતના કરે, તેને પ્રભુ દેવ કંઇ ડાંગ (લાકડીનો માર) મારતા નથી, પણ 'કરે તેવું પામે' આની માફક આશાતના કરનારને એવી કુબુદ્ધિ જાગે છે કે જેનાથી ઉગ્ર પાપકર્મ કરીને તે દુર્ગતિના દુઃખો ભોગવે.

વખતના પ્રમાણમાં (ફુરસદે) બાંધી નવકારવાળી અમુક સંખ્યામાં જરૂર ગણવી જોઇએ. એમ કરવાથી ઘણાં પાપકર્મોની નિર્જરા થાય, સંકટ નાશ પામે, હંમેશાં આનંદમંગલ વર્તે. આ ભાવનાથી—

નવકારવાળી—(નમસ્કાર, નવકાર વિગેરેની) દરરોજની એક લેખે વરસમાં ધારણા મુજબ ગણું. રોગાદિ કારણે જયણા. જિનભુવનની ૮૪ અને ગુરુની ૩૩ આશાતના તથા મૂળ ગભારે-૧ તંબોલ, ૨ પાણી, ૩ ભોજનનો ત્યાગ અને ૪ જોડા પહેરવા, ૫ મૈથુન, ૬ સૂવું, ૭ થૂંકવું, ૮ જુગાર રમવો, ૯ ઝાડો, ૧૦ પેશાબ કરવાનો ત્યાગ. એ રીતે ૮૪-૩૩-૧૦ આશાતના ટાળવાનો ખપ કરું.

અહીં અન્નત્થણાભોગેણં વિગેરે ચાર આગાર, છ છીંડીનું સ્વરૂપ સમજવાનો ખપ કરું. તેમાં રાયાભિઓગાદિ કારણે જયણા. અતિચાર વિગેરેની વિશેષ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બાર વ્રતની બીના.

૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત:—અહીં કોઇ બીનગુનેગાર ત્રસ જીવને વગર કારણે જાણીબૂઝીને (મારવાના ઇરાદાથી) હણું નહી, હણાવું નહિ, ઔષધાદિ પ્રયોગથી કરમીયા, કીડા, વાળા, વિગેરે હણાય તેની અને પોતાના કે કુટુંબના નિમિત્તે અને દાક્ષિણ્યતાને લઇને કે ધર્મ નિમિત્તે પ્રાણાતિપાત થાય તેની જયણા. અશકય કારણે જયણા.

## આ વ્રતના પાંચ અતિચારને તજવાની બીના.

૧ નિર્દય બુદ્ધિએ માર મારવો નહિ. ૨ દ્વેષથી ત્રસ જીવને ટૂંકા બંધને બાંધું નહિ. ૩ નાક વિગેરે અવયવ છેદવા નહિ. ૪ દ્વેષથી કે લોભથી બળદ વિગેરેની ઉપર ઘણું વજન ભરું નહિ. ૫ ભાત પાણીનો અંતરાય કરું નહિ. દુકાળ વિગેરે કારણે ઓછું અપાય, તેની જયણા.

૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત—અહીં કન્યાલિક, ભૂમિ અલિક, ગવાલિક આ ત્રણ પ્રકારનાં મોટાં જૂઠાં નહિ બોલવા ઉપયોગ રાખું. આ વ્રતને અંગે મારે ૧ પારકી થાપણ ઓળવવી નહિ ૨ ખોટી સાક્ષી પૂરવી નહિ એટલે કોરટમાં કે વિવાદમાં જૂઠી સાખ પૂરવી નહિ પણ વાતચીત કરતાં શરતચૂકથી વ્યવહારિક કાર્યોમાં બોલાય તેની જયણા. અગર જીવ બચાવવા નિમિત્તે જયણા. ૩ ખોટા લેખ લખું નહિ–લખાવું નહિ. ૪ કોઇને નુકસાન પહોંચે તેવું મોટું જૂઠું બોલું નહિ. અનુપયોગભાવે વાચાલપણાથી કંઇ બોલાય, તેની જયણા.

## બીજા વ્રતના અતિચાર

૧ કોઇને ધ્રાસકો પડે તેવી ભાષા રાસભવૃત્તિથી (ઉતાવળ કરી) બોલવી નહિ. ૨ કોઇની છાની વાત ખુલ્લી કરવી નહિ. ૩ સ્ત્રી પુરુષની એબ (છાની વાત) ખુલ્લી કરવી નહિ. ૪ ખોટો ઉપદેશ દેવો નહિ. ૫ ખોટા લેખ કાગળ લખવા નહિ. વધુ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

## ૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત

માલિકની રજા સિવાય પર વસ્તુને લેવી નહિ. તથા ચોરી કરવાના ઇરાદાથી ૧ ગાંઠ છોડી, ૨ ખીસ્સા કાતરી, ૩ ખાતર પાડી, ૪ તાળું તોડી ચોરી કરવી નહિ, કરાવવી નહિ. લૂંટ કરવી નહિ, લોભથી ચોરીનો માલ જાણી બૂઝી સસ્તી કિંમતે લેવો નહિ. કોઇની પડી ગએલી ચીજ જડે તો ધણી મળતાં તે તેને પાછી આપવી. તપાસ કરતાં ધણી ન મળે, તો તે ચીજ શુભ ખાતે વાપરવી. ઘરમાંથી કે ભૂમિમાંથી નીકળેલા ધનનો અમુક ભાગ શુભ ખાતે વાપરવો. થાપણ ઓળવવી, દાણચોરી વગેરેનો ત્યાગ કરું. જયણા વિગેરે વધુ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

## ત્રીજા વ્રતના અતિચાર

૧ ચોરે ચોરી કરીને લાવેલી વસ્તુ જાણવા છતાં લેવી. ૨ ચોરને મદદ કરવી. ૩ વેચવાના પદાર્થોમાં તેના જેવા હલકા પદાર્થો ભેળવવા. ૪ રાજ્ય વિરુદ્ધ દેશમાં વ્યાપારાદિ નિમિત્તે જવું. ૫ ખોટા તોલા માપા રાખવા. આ અતિચાર ટાળવાનો ખપ કરું.

## ૪ સ્થૂલ મૈથુન વિરમણ વ્રત

આ વ્રતમાં પરસ્ત્રીનો ત્યાગ કરવો જોઇએ, અને સ્વસ્ત્રીના સંબંધમાં કાયાથી ધારણા મુજબ પર્વતિથિ વિગેરેને લક્ષ્યમાં રાખીને મૈથુનનો દેશથી ત્યાગ કરવાનો છે. પુણ્યશાલી જીવો કાયાથી મૈથુનનો ત્યાગ કરીને સોય દોરાના દૃષ્ટાન્તે સંપૂર્ણ શીલ પાળે છે. અહીં વચન, મનથી તથા પરવશાદિ કારણે જયણા રખાય. સારા આલંબનોની સેવના કરવાથી શીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના ટકે છે. શીલધારીના નિર્મલ જીવનની વિચારણા કરવી.

### આ વ્રતના પાંચ અતિચાર.

૧ અપરિગ્ગહિયા-કુંવારી કન્યા કે વેશ્યા સાથે ગમન કરવું તે. ૨ ઈત્વરપરિગૃહિતા-અમુક સમય સુધી દ્રવ્ય દઈને રાખેલી સાથે ગમન કરવું તે. ૩ કામક્રીડા કરવી. ૪ પરાયા વિવાહ જોડવાં, નાતરા કરાવવા. ૫ કામભોગમાં બહુ જ આસક્તિભાવ રાખવો. આ વ્રતનો મહિમા, શીલને ટકાવવાના નિયમો, શીલવંતના દૃષ્ટાન્તો વિગેરે બીના દેશવિરતિના જીવનમાંથી જાણવી.

### સ્થૂલ પરિગ્રહવિરમણ વ્રત

૧ રોકડ ધન-ધારણા પ્રમાણે અમુક સંખ્યામાં રાખવું. ૨ સોના રૂપા વિગેરેના દાગીના ધારણા પ્રમાણે રાખવા. ૩ ઘર-ડેલાં-દુકાન-વખાર વિગેરેની સંખ્યા ધારણા પ્રમાણે નક્કી કરવી. તે બધાને દુરસ્ત કરાવવાની અને પડોશના ઘર વેચાતા લઇ ભેળવી લેવાની જરૂર જયણા રખાય. અને ખાસ જરૂરી પ્રસંગે ભાડે ઘરાણે રાખવાની પણ જયણા રખાય. આ બાબતમાં યોગ્ય વિચાર કરીને નિર્ણય કરવો. ૪ કાંસા વિગેરેના વાસણ, ફરનીચર વિગેરે ધારણા પ્રમાણે રાખવા. ૫ દર વર્ષે અનાજ વિગેરે નિમિત્તે ખરચવાની રકમ ધારણા મુજબ નક્કી કરવી. ૬ ખેતર, જમીન, ફૂલ, બગીચા વિગેરે માટે અમુક રકમ સંખ્યા રાખવી પડે તેની જયણા. ૭ જાનવર, બળદ, ગાય, ઘોડાની સંખ્યા ધારણા મુજબ નક્કી કરવી. તેમાં સ્વ નિમિત્તે ધારેલી સંખ્યાથી વધારે જાનવર રાખવા નહિ. પરમાર્થે કે સગાંને માટે કે નોકરી વગેરેના પ્રસંગે બીજી જાતના જાનવર રાખવા પડે કે વધુ રાખવા પડે, તેની જરૂર જયણા રખાય. ઘોડા, ગાડી, ડોળી વિગેરે ભાડે કરવા પડે, તેની અને સગાં સંબંધીનાં માગી લાવવાની જયણા. સંઘે યાત્રાદિ નિમિત્તે પણ જયણા રખાય. ૮ નોકર-ચાકર, ઘરકામ માટે ધારેલી સંખ્યાથી વધારે રાખવા નહિ. જ્ઞાતિજમણ-વરા-લગ્નાદિ પ્રસંગે કે રોગાદિ કારણે અને વેપારાર્થે વધુ નોકરો રાખવાની જરૂરી જયણા રખાય.

### આ વ્રતના પાંચ અતિચારને છોડવાની બીના

૧ ધનના અને ધાન્યના નિયમિત કરેલા પ્રમાણથી તે બે વધારે ન રાખવા. ૨ ધારેલા પ્રમાણથી ખેતર અને દુકાન વિગેરે વધારે ન રખાય. ૩ ધારેલા પ્રમાણથી વધારે સોનું તથા રૂપું રાખવું નહિ. ૪ ધારેલી સંખ્યાથી વધારે કુપ્ય એટલે ઘરવખરી ન રખાય. ૫ ધારેલી સંખ્યાથી વધારે દ્વિપદ, ચતુષ્પદ રાખવા નહિ. વધારે બીના શ્રી દેશવિરતિ જીવનમાંથી જાણવી.

ચાલુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખકઃ—**મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ.**

( ગતાંક પૃષ્ઠ ૨૦૩ થી શરૂ )

જુઓ, વિષ્ણુની સાચી આજ્ઞા માને; તેમની આજ્ઞા પ્રમાણે ચાલે તે સાચા વૈષ્ણવ કહેવાય. હવે ગીતાજીમાં વિષ્ણુજીએ કહ્યું છે કે "હે અર્જુન ! હું પૃથ્વીમાં છું, અગ્નિમાં છું, જળમાં છું, વનસ્પતિમાં અને યાવત્ સર્વ જીવો-ભૂતોમાં વ્યાપક છું. જે મને સર્વવ્યાપક જાણીને કદાપિ હિંસા કરતો નથી તેમનો હું નાશ કરતો નથી અને તેઓ મારો નાશ કરતા નથી.

અર્થાત્ સર્વ પ્રાણી-જીવ માત્ર ઉપર દયા, અહિંસા પાલનાર સાચો વૈષ્ણવ છે. જ્યારે સર્વત્ર વિષ્ણુ છે પછી જે જીવ બીજાની હિંસા કરે છે, દુઃખ આપે છે, ત્રાસ આપે છે, સતાવે છે, દ્વેષ અને ઇર્ષ્યા રાખે છે એ જીવ વિષ્ણુની હિંસા કરે છે, એને જ દુઃખ, ત્રાસ વિગેરે આપે છે માટે જૈન સાધુઓ પરમ અહિંસક હોવાથી (કોઇપણ જીવની મન, વચન કે કાયાથી કદી હિંસા કરતા નથી) સાચા વૈષ્ણવ પદને યોગ્ય છે.

હજી આગળ જુઓ. વિષ્ણુ પુરાણના તૃતીય અંશમાં સાતમા અધ્યાયમાં પરાશર કહે છે.

'યાગ કરનાર વિષ્ણુનો યાગ કરે છે, જાપ કરનાર તેને જપે છે, બીજાની હિંસા કરનાર તેને હણે છે કારણ કે વિષ્ણુ સર્વવ્યાપક છે"

'હે રાજન્ ! જે પુરુષ પરદાર, પરદ્રવ્ય અને પરહિંસામાં મતિ કરતા નથી અને જેમનું મન રાગાદિ દોષથી દુષિત નથી તેમનાથી જ વિષ્ણુ નિરંતર તુષ્ટમાન રહે છે.

વળી યમકિંકરસંવાદમાં યમે કહ્યું છે કે-

"જે આત્મધર્મથી ચલાયમાન નથી થતા, જે મિત્ર અને શત્રુ પર સમભાવ રાખે છે અને જે કોઈનું કાંઇ પણ હરતા નથી (ચોરી નથી કરતા) અથવા કોઇને હણતા નથી, કોઇના પ્રાણ નથી લેતા તેમને જ 'સ્થિર મનવાળા અત્યંત વિષ્ણુભક્ત જાણવા' અર્થાત્ ઉપર્યુક્ત ગુણ-સંપન્ન સ્થિર(દઢ) મનથી વિષ્ણુનો પરમ ભક્ત છે એમ જાણવું.

જેમની બુદ્ધિ નિર્મલ-શુદ્ધ છે, જેમનામાં મત્સર (ઇર્ષ્યા) નથી, જેમનો સ્વભાવ શાંત છે, પવિત્ર ચરિત્ર છે, જે સર્વ ભૂતો પર (જીવો પર) મિત્રભાવ રાખે છે, જેમનું વચન પ્રિયકર અને હિતકારી છે, અને જેમનામાં માન તથા માયાનો લેશ પણ નથી તેમના હૃદયમાં. વિષ્ણુ સદાય વસે છે.

સ્ફટિકરત્ન શિલા જેવા નિર્મલ વિષ્ણુ કયાં અને માણસોમાં રહેલ મત્સરાદિ દોષો કયાં ? રાજન્ ! ચંદ્રમામાં તાપ કયાંથી હોય ?

હિરણ્યકાશ્યપ પોતાના પિતા આગળ વિષ્ણુ-સ્વરૂપ વર્ણવતાં કહે છે "વિષ્ણુ પૃથ્વીમાં છે, પાણીમાં છે, ચંદ્રમામાં છે, સૂર્યમાં છે, અગ્નિમાં, દિશામાં, વિદિશામાં, વાયુમાં, આકાશમાં, તિર્યંચમાં, અતિર્યંચમાં, અંતરમાં, બાહ્યમાં, સત્યમાં, તપમાં, સારમાં, અસારમાં સર્વત્ર છે. સદા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે બોલવાથી શું ? તારામાં અને મારામાં પણ છે. ”

માટે હે રાજન્ સર્વ પ્રકારે જીવની રક્ષા કરનાર જૈન મુનિયો જ તત્વવૃત્તિથી વૈષ્ણવ છે, પરંતુ જે આથી વિપરીત છે, હિંસા વગેરે કરે છે તે બ્રાહ્મણો ખરા વૈષ્ણવ નથી. પરમાર્થથી ખરા વિષ્ણુ પણ એ જ છે જે જન્મમરણથી રહિત હોય, નિત્ય ચિદાનંદમય જ્ઞાન આત્માવડે સર્વત્ર વ્યાપી રહેલ છે તે આ પ્રકારના નિરૂપણથી ખરી રીતે શ્રી તીર્થંકર ભગવાન તે જ વિષ્ણુ છે, અને તેના ભક્તની અવશ્ય મુક્તિ થાય છે.

આમ યથાર્થ વિષ્ણુ એ જિનદેવ છે અને પરમ વૈષ્ણવ એ જૈન સાધુઓ ઘટે છે તેનું સુંદર નિરૂપણ કરી જીવ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ભેદથી ત્રણ પ્રકારે છે એમ પ્રબોધે છે. આ સાંભળી મહારાજા કુમારપાલ, સભાજનો અને પંડિતો પ્રસન્ન થાય છે.

વળી એક વાર એક પંડિતે મહારાજા કુમારપાલને કહ્યું : “રાજન્! આ જૈનાચાર્ય વેદને નથી માનતા માટે વંદનીય નથી ”

રાજાએ સૂરિજી મહારાજ સામે જોયું. સૂરિજી મહારાજ હસીને બોલ્યા, સાંભળો—

“ હે રાજન્! જે વેદો છે તે તો કર્મમાર્ગની પ્રવૃત્તિ કરનારા ( કર્મમાર્ગના ઉપદેષ્ટા છે ). અમે જૈનીઓ નિષ્કર્મ માર્ગનું અનુકરણ કરનારા છીએ, માટે અમને વેદોનું પ્રામાણ્ય ક્યાંથી ઘટે ?

વળી આ માટે જુઓ ઉત્તરમીમાંસાનો– **वेदा अवेदा लोका अलोका, विद्या अविद्याः** આ પાઠ.

રૂચી પ્રજાપતિસ્તોત્રમાં પણ પુત્રે કહ્યું છે કે–“ હે કર્મમાર્ગી પિતા, મહાવેદોમાં તો કુવિદ્યા ભણાવાય છે, માટે તમે મને કર્મમાર્ગનો ઉપદેશ કેમ કરો છો ?

વળી જો વેદોમાં જીવદયાનું યથાર્થ પ્રરૂપણ હોય તો પછી સર્વશાસ્ત્રસંમત પવિત્ર જીવદયાને પાળનાર શી રીતે વેદબાહ્ય થાય ? અર્થાત્ વેદોમાં હિંસાનું વિધાન કે પ્રતિપાદન નથી અને અહિંસાનું વિધાન અને પ્રતિપાદન છે તો પછી અહિંસા ધર્મને પાળનારને કેમ વેદબાહ્ય કહેવાય ?

દરેક શાસ્ત્રોમાં અહિંસા–જીવદયા ‘**अहिंसा परमो धर्मः**’ આવા ઉલ્લેખો મળે છે એ પ્રસિદ્ધ છે માટે જે ધર્મમાં અહિંસાનું–જીવદયાનું પ્રરૂપણ ન હોય તે ધર્મનો ત્યાગ કરવો એમાં જ શ્રેય છે. સજ્જન–ઉત્તમ પુરુષો જીવદયાના વિધાન કે પ્રરૂપણ સિવાયના ધર્મને ધર્મ કહી શકે ? જુઓ કહ્યું છે કે—

‘ જેટલું ફળ જીવદયાથી થાય છે, તેટલું સર્વ વેદો, સર્વ યજ્ઞો અને સર્વ અભિષેકો આપી શકતા નથી. ’

પ્રાણીવધ વિના વર્તમાન વેદોમાં યજ્ઞ થતો નથી, માટે યજ્ઞ અહિંસક ન કહેવાય. દયા યજ્ઞ તો તે જ કહેવાય જેમાં પ્રાણી વધનો નિષેધ હોય. વેદમાં દયા નથી પછી તે કેમ માન્ય કરી શકાય ? કહ્યું છે કે “ જ્યાં જ્યાં જીવ છે ત્યાં ત્યાં શિવ છે, માટે શિવ અને જીવમાં ભિન્નતા નથી, તેથી કોઈ પ્રાણીની હિંસા કરવી નહિં. જીવહિંસા કરનારા પુરુષો વેદથી, દાનથી, તપથી અથવા યજ્ઞથી કોઇ પણ પ્રકારે સદ્‌ગતિ પામતા નથી. × × × ”

વળી મીમાંસામાં કહ્યું છે કે ‘ યજ્ઞ કરનારા ગાઢ અંધકારમાં ડૂબી મરે છે. હિંસાથી ધર્મ થતો નથી, થયો નથી અને થવાનો નથી.”

આ સાંભળી પંડિતોને મૌન થવું પડયું.

વળી એક વાર બચાવ કરતાં કહ્યું કે–“મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ, બ્રહ્માજીએ પશુઓ યજ્ઞને માટે સર્જ્યાં છે, યજ્ઞમાં થતો વધ તેમના ઐશ્વર્ય માટે છે તેથી યજ્ઞમાં થતો વધ અવધ છે. ઔષધિઓ, પશુઓ, વૃક્ષો, તિર્યંચો અને પક્ષીઓ જેમનું યજ્ઞમાં મૃત્યુ થાય છે તે ઉત્કર્ષ પામે છે. માટે રાજન્! વેદવિહિત હિંસા–યજ્ઞહિંસા એ હિંસા નથી."

આનો સચોટ જવાબ શ્રી હેમચંદ્રાચાર્યજીએ આપ્યો.

"સ્કંદપુરાણના ૫૮૫ માં અધ્યાયમાં કહ્યું છે કે '**अग्निषो यम**' ઈત્યાદિ પશુ વધ કરાવનારી કારિકા જ્ઞાતા જનોને (વિદ્વાનોને) પ્રમાણ નથી, તે કારિકા સત્પુરુષોને ભ્રમમાં નાખનારી છે.

વળી કહ્યું છે કે 'વૃક્ષોને છેદી, પશુઓને હણી, રુધિરનો કાદવ કરી અગ્નિમાં તેલ, ઘી વગેરે હોમી સ્વર્ગની અભિલાષા રાખવી તે આશ્ચર્યજનક છે.'

વળી ભાગવત પુરાણના ૨૩મા અધ્યાયમાં શુકે કહ્યું છે કે "જે વૈદિકો દંભથી યજ્ઞમાં પશુઓને હણે છે તેમને પરલોકમાં 'વૈશસ' નરકમાં પરમાધામીઓ યાતના (પીડા કરવા)–પૂર્વક હણે છે."

હવે કદાચ એમ માની લઈએ કે પશુઓ યજ્ઞને માટે સર્જ્યા છે તો રાજાઓને પશુઓનું માંસ ખાતાં કેમ કોઈ અટકાવતું નથી? અર્થાત્ જ્યારે બ્રહ્માજીએ યજ્ઞ માટે–યજ્ઞમાં વધ માટે પશુઓ સર્જ્યા પછી બીજાથી ખવાય જ કેમ? બીજું બ્રહ્માજીએ યજ્ઞને માટે પશુઓ બનાવ્યા છે તો આ વાઘ અને સિંહથી દેવોને તૃપ્ત કરતા નથી અર્થાત્–યજ્ઞમાં કદીયે કોઈયે સાંભળ્યું છે કે સિંહ કે વાઘનું બલિદાન દેવાયું હોય. ત્યાં તો કહેવાયું છે કે–"**व्याघ्रं नैव च नैव च** અને **सिंहं नैव च नैव च**" એટલે આ તો માત્ર રસનેંદ્રિયના લોલુપીઓએ જ યજ્ઞને નામે હિંસાનું વિધાન કરી વેદને અને યજ્ઞને કલંકિત જ કર્યાં છે.

સાચો યજ્ઞ તો અહિંસા, સંયમ અને તપનો છે. કહ્યું છે કે–**અહિંસા પરમો ધર્મ** સમાન કોઈ મહાન્ યજ્ઞ નથી.

મહાભારતમાં પણ કહ્યું છે કે–"ત્રિવેણીના સંગમસ્થાન ઉપર સોનાનાં શીંગડાથી મઢેલી હજાર ગાયોનું દાન આપે અને એક જીવને અભયદાન આપે તો અભયદાનનું પુણ્ય વધે છે."

હવે કોઈ એમ કહેતું હોય કે યજ્ઞમાં હોમાયેલ પશુની સદ્ગતિ થાય છે તો એનો જવાબ સાંભળો.

"એક વાર યજ્ઞ માટે આણેલો બકરો બહુ જ બેં બેં બેં કરી રડતો હતો. આ જોઈ ધારાના ભોજરાજે પોતાના પંડિત ધનપાલને પૂછયું: આ બકરો શું કહે છે? ત્યારે ધનપાલ પંડિત બોલ્યા—

હું સ્વર્ગ ફળનો ઉપભોગ કરવા નથી ઇચ્છતો; તેમ મેં એવી તમારી પાસે પ્રાર્થના પણ નથી કરી. હું તો તૃણ ભક્ષણ કરી નિરંતર સંતુષ્ટ રહું છું, માટે હે ઉત્તમ પુરુષો, મારો વધ કરવો એ તમને ઉચિત નથી. વળી જો યજ્ઞમાં હોમેલા પ્રાણીઓ અવશ્ય સ્વર્ગે જ જાય છે તો તમે તમારા માતા, પિતા, પુત્ર અને બાંધવોનો હોમ યજ્ઞમાં કેમ નથી કરતા? (કારણ કે એથી એ જલ્દી સ્વર્ગે જશે.)"

આ જવાબ[1] સાંભળી બ્રાહ્મણ પંડિતોને ચૂપ જ થઈ જવું પડયું. (ચાલુ)

૧. સૂરિજી મહારાજે કુમારપાલને જૈન ધર્મનો અનુરાગી બનાવી વાસ્તવિક રીતે તો અહિંસા ધર્મનો જ વિજય ધ્વજ ફરકાવ્યો છે, છતાં યે સ્થાનકમાર્ગી સંપ્રદાયના વિદ્વાન 'સંતબાલજી' આમાંયે દોષ દેખી "યથા પિંડે તથા બ્રહ્માંડે" ઉક્તિ ચરિતાર્થ કરતા દેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચો વિજય

**અનુ. અભ્યાસી**

ખરેખરો વિજય તો એ જ છે કે જેની પછી પરાજયની શંકા જ ન હોય. બાહ્ય શત્રુઓને દમન કરવાથી વાસ્તવિક રીતે કોઇને વિજયી નથી કહી શકાતો. સાચો વિજય તો આન્તરિક શત્રુઓ પર અધિકાર મેળવવાથી થઇ શકે છે. આન્તરિક શત્રુઓ છેઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. આ છ શત્રુઓ બાહ્ય જગતમાં કોઇને નિમિત્ત બનાવીને શત્રુ ઊભો કરે છે. એથી જો કોઈ પોતાના સમસ્ત શત્રુઓ પર વિજય મેળવીને સુખશાંતિ સ્થાપિત કરવા ઇચ્છતો હોય તો તેણે પોતાના સમસ્ત લૌકિક શત્રુઓના ઉદ્દ્ગમસ્થાન–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર એ છ સૂક્ષ્મ શત્રુઓનું દમન કરવું જોઈએ. એ છ શત્રુઓ ઉપર વિજય મેળવ્યા વગર બાહ્ય શત્રુઓનો સમૂલોચ્છેદ કદાપિ નથી થઈ શકતો.

એ તો અનુભવસિદ્ધ વાત છે કે જે માણુસ એ છ સૂક્ષ્મ આન્તરિક શત્રુઓ પર જય પ્રાપ્ત કરે છે તેના સમસ્ત બાહ્ય શત્રુઓ પરાજિત બને છે–તેને માથે પછી કોઇ શત્રુ નથી રહેતો. તે જ વાસ્તવિક રીતે સાચો વિજયી છે અને તેને માટે સાચા સ્થાયી સુખ-શાંતિનો ભંડાર ખુલી જાય છે.

જે રાષ્ટ્ર શત્રુઓથી સર્વથા મુક્ત બનીને વિશ્વમાં સુખશાંતિ સ્થાપિત કરવા ચાહે છે તેને માટે પહેલું આવશ્યક છે. તેના રાષ્ટ્ર-નિર્માતા અથવા કર્ણધારે પોતાના આન્તરિક છ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. નહિ તો એટલું ચરિતાર્થ થાય છે કે '**स्वयं नष्टः परान्नाशयति**' તેમજ '**स्वयं भ्रष्टः परान् भ्रंशयति**' પાછળની અનેક શતાબ્દિઓનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે પ્રબળ રાષ્ટ્રોના સૂત્રધારોએ પોતાના આંતરિક કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેથી પ્રેરાઇને અનેકવાર પૃથ્વી ઉપર લોહીની નદીઓ વહેવડાવી છે. એ જ પાશવિકતા છે. વિચાર-શક્તિથી કામ લેવું જોઈએ. આવેશમાં આવી જવું એ માનવતા નથી. બાહ્ય શત્રુઓનું દમન ક્યાં સુધી કરી શકાય ? એકનું દમન કરીને બીજાથી શંકિત થતાં તેના દમનની તૈયારી કરતા રહેવું અને એ રીતે વિશ્વની સુખશાંતિને સદૈવ શંકિત રાખવી એ બુદ્ધિમત્તા નથી. અસ્તુ. એટલું તો અત્યંત આવશ્યક છે કે રાષ્ટ્રના કર્ણધારે પોતાના આંતરિક ષડ્ વિષયો ઉપર વિજય પ્રાપ્ત કર્યો હોવો જોઇએ. આવો સાચો વિજય પ્રાપ્ત કરનાર સૂત્રધાર જ સમાજ, રાષ્ટ્ર, તેમજ વિશ્વની સ્થાયી સુખશાંતિનું માર્ગદર્શન સફલતાપૂર્વક કરી શકે છે.

કામ ક્રોધ વગેરે ઉપર વિજય મેળવવો કઠિન નથી. વગર સમજ્યે લોકો તેને અસાધ્ય માની બેઠા છે. ઘણે ભાગે લોકોની માન્યત. જ એવી થઈ ગઇ છે કે નિવૃત્તિ માર્ગાવલંબી મહાત્મા જ ષડ્ રિપુઓ ઉપર વિજય મેળવી શકે છે, પરંતુ એ માન્યતા અજ્ઞાનમૂલક છે. નિવૃત્તિમાર્ગીઓ કામ, ક્રોધ વગેરેને તિલાંજલી જ આપી દે છે. તેને માટે જ તેના પર વિજય કે પરાજયનો પ્રશ્ન જ નથી ઊઠતો. ષડ્ રિપુ ઉપરનો વિજયી તો એને જ માની શકાય કે જે વ્યવહારમાં બરાબર પ્રવૃત્ત રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેની ઉપર કામ, ક્રોધ વગેરે પોતાનું સ્વત્વ ન જમાવી શકે. શત્રુનો આઘાત કરવાનો અવસર બરાબર મળતો રહે, પરંતુ તે અશક્તિને લઈને આઘાત ન કરી શકે તો તો માનવું જ રહ્યું કે તે તેનાથી દબાઈ ગયો છે, પરાજિત બન્યો છે. અસ્તુ. વ્યવહારમાં શાસ્ત્રોક્ત પ્રવૃત્તિ ષડ્ રિપુ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં અડચણકર્તા નથી નીવડી શકતી.

સંસારના સમસ્ત શત્રુઓના ઉદ્ગમ-કેન્દ્ર સમાન આ સૂક્ષ્મ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વર્ષો સુધી ભૌતિક તૈયારી કરીને રણચંડીને જાગ્રત કરવાની તેમજ સંહારના જીવન-મરણની વચ્ચે અશાંત બની રહેવાની આવશ્યકતા નથી; એના માટે તો કેવળ વિચારશક્તિથી જ કામ લઈને સમદર્શી બની જવાની જ આવશ્યકતા છે.

સમદર્શી એને કહેવામાં આવે છે જે સાચું જુએ છે. જે વસ્તુ જેવી હોય તેને તેવી જ જોનાર માણસ સમદર્શી કહેવાય છે.

વસ્તુના પ્રકારમાં અને તેની દૃષ્ટિમાં ભેદ નહિ પાડતા સર્વથા સામંજસ્ય રહે છે અને તેની દૃષ્ટિમાં પદાર્થનાં યથાર્થ અનુભવ થાય અર્થાત્ તેને ભ્રમ થતો નથી. સંસાર મિથ્યા છે તો તે તેની અંદર સત્યનો આરોપ નથી કરતો. આત્મા, પરમાત્મા સત્ય છે તો તેને તે સત્ય જ માને છે. સંસારનું મિથ્યાત્વ અને આત્માનું નિત્યત્વ જ્યારે મનુષ્યને બરાબર ઠસી જાય છે ત્યારે તે સમદર્શી કહેવાય છે.

સંસારના મિથ્યાત્વનો અર્થ છે-પરિવર્તનશીલ હોવાને કારણે સંસારની ક્ષણભંગુરતા. તેને સમજવા માટે વધારે વિચારની આવશ્યકતા નથી. આપણને સૌને પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો છે કે સંસારની પ્રત્યેક વસ્તુ વિયોગાન્ત છે-સૂક્ષ્મથી સૂક્ષ્મ અને સ્થૂલથી સ્થૂલ સર્વ વસ્તુઓ પરિવર્તનશીલ છે. પ્રત્યેક માણસ પ્રત્યક્ષ જુએ છે કે પોતાની સામે કેટલાય જીવો નષ્ટ થઈ રહ્યા છે. સૌને એટલું તો માલૂમ છે કે મારા પૂર્વજ ન રહ્યા અને હું પણ નથી રહેવાનો. એ જ સંસારની ક્ષણભંગુરતા છે. એ સમજવા માટે મોટા પાંડિત્યની જરૂર નથી. માણસ હમેશાં પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યો છે, પરંતુ વિચાર નથી કરતો. એક વખત સતર્ક બનીને સારી રીતે મનન કરીને વિચારપૂર્વક સંસારની ક્ષણભંગુરતા સમજી લે છે તે જ આંતરિક ષડ્ રિપુ ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે; કેમકે જે માણસને સમસ્ત લૌકિક પ્રપંચની ક્ષણભંગુરતા સમજાઈ ગઈ હોય છે તેને કોઇ વસ્તુ માટે લોભ અને મોહ નથી થતો અને એ કોઈની સાથે મત્સર નથી કરતો. લૌકિક વૈભવ, ધન, પુત્ર, વિદ્યા વગેરેનો તેને મદ પણ નથી થતો. લોભ, મોહ, મદ, મત્સર નહિ રહેવાથી તેનામાં ક્રોધ આપોઆપ નિર્મૂળ થઈ જાય છે. અને એવા મનુષ્યની કામનાઓ કર્તવ્ય બુદ્ધિથી વ્યવહાર સંપાદન કરે છે. તેનો વ્યવહાર સ્વાભાવિક રીતે જ શાસ્ત્રોક્ત બને છે. અને તેનું જીવન સંસારમાં પદ્મપત્રની માફક નિર્લેપ અને નિર્મળ રહે છે. આવા સમદર્શી ક્રિયાશીલ મનુષ્યને જ સાચો વિજયી માનવામાં આવે છે. આવા મનુષ્યને બાહ્ય શત્રુ રહેતા જ નથી. સમસ્ત પ્રકૃતિ ઉપર તેની એકરસતા શાસન કરે છે. તેના શાંતિ-સામ્રાજ્યનો ભંગ કોઈ કરી શકતું નથી. આવો સમદર્શી માણસ મહાન વિજેતા વિશ્વની સ્થાયી સુખશાંતિનો સફલ માર્ગદર્શક થઈ શકે છે. અસ્તુ. આંતરિક ષડ્ રિપુ ઉપર વિજય મેળવવો એ જ પરમોત્કૃષ્ટ વિજય છે. એવા મહાન વિજયની પ્રાપ્તિ માટે દરેક મનુષ્યે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન યશોવિજયજી.

(૪)

( ગતાંક પૃષ્ઠ ૨૦૬ થી શરુ )

લે.-ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા M. B. B. S.

## આનંદઘનની સ્તુતિરૂપ અષ્ટપદી

આ થોડા શબ્દોમાં કેવી ભવ્ય ભાવાંજલિ અર્પી **શ્રીમદ્ રાજચંદ્રજી**એ આપણને શ્રી **આનંદઘનજી**નોય યથાર્થ પરિચય કરાવ્યો છે! ખરેખર! શ્રી **દેવચંદ્રજી** કહે છે તેમ "તેહજ એહનો જાણંગ ભોક્તા જે તુમ સમ ગુણરાયજી." તેવો જ તેવાને ઓળખે. સાચો ઝવેરી જ ઝવેરાત પારખી શકે. તેમ તે સમયે પણ શ્રી. યશોવિજયજી જેવા વિરલા રત્ન પરીક્ષક જ શ્રી આનંદઘનજી જેવા મહાપુરુષરત્નને તેમના યથાર્થ સ્વરૂપે ઓળખી શકયા. આ પરમ અવધૂત-ભાવનિર્ગ્રંથ આનંદઘનજીના દર્શન-સમાગમથી શ્રી યશોવિજયજીને ઘણો ઘણો આત્મલાભ થયો, અત્યંત આત્માનંદ થયો. આ પરમ ઉપકારની સ્મૃતિમાં શ્રી યશોવિજયજીએ આનંદઘનજીની સ્તુતિરૂપે **અષ્ટપદી** રચી છે. તેમાં તેમણે પરમ આત્મોલ્લાસથી આનંદઘનજીની મુક્તકંઠે ભારોભાર પ્રશંસા કરી છે. ત્યાં તેઓશ્રી કહે છે કે-માર્ગમાં ચાલતાં ચાલતાં આનંદઘનજી ગાતા હતા અને આનંદપૂર્ણ રહેતા હતા. એવી મસ્ત દશામાં તેઓ વિહરતા હતા, આત્માનુભવજન્ય પરમ આનંદમય અદ્વૈત દશામાં વિલસતા હતા.

"મારગ ચલત ચલત ગાત આનંદઘન પ્યારે,
રહત આનંદ ભરપૂર."

"કોઇ આનંદઘન છિદ્ર હી પેખત,
જસ રાય સંગ ચઢી આયા;
આનંદઘન આનંદરસ ઝીલત,
દેખત હી જસ ગુણ ગાયા."

## 'પારસ સ્પર્શથી લોઢું સોનું બન્યું'

શ્રી. યશોવિજયજી કહે છે કે-'આવા પરમ આત્માનંદમય યોગીશ્વરના દર્શન-સમાગમથી પોતાને આનંદ આનંદ થયો. પારસમણિના સ્પર્શથી લોઢું જેમ સોનું થાય તેમ **આનંદઘનજી** સાથે જ્યારે 'સુજશ' મળ્યો, ત્યારે હું **'સુજશ'** આનંદ સમો થયો. અર્થાત્ પારસમણિ સમા આનંદઘનજીના સમાગમથી લોહ જેવો હું યશોવિજય સુવર્ણ બન્યો.' કેવી ભવ્ય ભાવાંજલિ!

"આનંદઘન કે સંગ સુજસ હી મિલે જબ,
તબ આનંદ સમ ભયો સુજસ;
પારસ સંગ લોહા જો ફરસત,
કંચન હોત હી તાકે કસ."

"એરી આજ આનંદ ભયો મેરે,
તેરો મુખ નિરખ નિરખ,
રોમ રોમ શીતલ ભયો અંગોઅંગ.
શુદ્ધ સમજણ સમતારસ ઝીલત,
આનંદઘન ભયો અનંત રંગ....એરી.
એસી આનંદદશા પ્રગટી ચિત્ત અંતર
તાકો પ્રભાવ ચલત નિરમલ ગંગ;
વાહી ગંગ સમતા દોઊ મિલ રહે,
જસવિજય ઝીનત તાકે સંગ...એરી."

આમ **પરમાર્થગુરુ આનંદઘનજીના** પરમ ઉપકારની પુણ્ય સ્મૃતિ કૃતજ્ઞશિરોમણિ શ્રી યશોવિજયજીએ પોતાના ગ્રંથોમાં પરમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદ, પૂર્ણાનંદ, સહજાનંદ, ચિદાનંદ-ઘન આદિ શબ્દોમાં જાળવી રાખી અમર કરી.

## શ્રી. યશોવિજયની સરલતા

હવે અત્રે આ ઉપરથી એક વિચારણીય રસપ્રદ પ્રસંગ ઉપસ્થિત થાય છે કે-આવો ન્યાયનો એક ધુરંધર આચાર્ય, ષડ્દર્શનનો સમર્થ વેત્તા, સકલ આગમ રહસ્યનો જાણ, વિદ્વદ્દશિરોમણિ યશોવિજય જેવો પુરુષ, આ અનુભવયોગી આનંદઘનજીના પ્રથમ દર્શન-સમાગમે જાણે મંત્રમુગ્ધ થયો હોય એમ આનંદતરંગિણીમાં ઝીલે છે, અને તે યોગીશ્વરની અદ્ભુત આત્માનંદમય વીતરાગ દશા દેખીને સાનંદાશ્ચર્ય અનુભવે છે! અને પોતાની સમસ્ત વિદ્વત્તાનું અભિમાન એકી સપાટે ફગાવી દઈ, બાલક જેવી નિર્દોષ પરમ સરલતાથી કહે છે કે-લોઢા જેવો હું આ પારસમણિના સ્પર્શથી સોનું બન્યો! અહો! કેવી નિર્માનિતા! કેવી સરળતા! કેવી નિર્દંભતા! કેવી ગુણગ્રાહિતા! આને બદલે બીજો કોઇ હોત તો? તેને અભિમાન આડું આવી ઊભું રહેત કે-'હું' આવડો મોટો ધુરંધર આચાર્ય, આટલા બધા શિષ્ય-પરિવારનો અગ્રણી ગચ્છાધિપતિ, સમસ્ત વિદ્વત્સમાજમાં સુપ્રતિષ્ઠિત,-આવો જે 'હું' તે શું આવાને નમું? પણ યશોવિજયજી ઓર પુરુષ હતા, એટલે આનંદઘનજીનો દિવ્ય ધ્વનિ તેમના આત્માએ સાંભળ્યો ને તે સંતના ચરણે ઢળી પડ્યો.

## આનંદઘનને ચરણે નમન

શ્રી. યશોવિજયજીના આ ભાવભીના વચન ઉપચાર માત્ર નથી, પણ ખરેખરા છે, સાચેસાચા હૃદયના અંતરોદ્ગાર છે; કારણ કે શ્રી યશોવિજયજીને અત્ર પ્રત્યક્ષ વેદાયું જણાય છે કે આ અનુભવજ્ઞાની પરમ યોગી પુરુષની પાસે મારું શાસ્ત્રજ્ઞાન Theoretical knowledge શૂન્યરૂપ છે, મોટું મીંડું છે; કારણ કે અધ્યાત્મ વિનાનું-આત્માનુભવ વિનાનું શાસ્ત્ર એકડા વિનાના મીંડા જેવું છે. હું આટલા વર્ષ ન્યાય, દર્શન આદિ સર્વ આગમ-શાસ્ત્ર ભણ્યો, પણ લોઢું જ રહ્યો. પણ આ આત્મજ્ઞાનના નિધાનરૂપ, પારસમણિ આનંદઘનના જાદુઇ સ્પર્શથી લોઢા જેવો હું સોનામાં ફેરવાઇ ગયો! એવા સંવેદનથી એમનો આત્મા પરમ ભાવાવેશમાં આવી જઇ શ્રી. આનંદઘનજીને સર્વ પ્રદેશથી નમી પડ્યો, એમ અત્ર પ્રતીત થાય છે.

## આનંદઘન-યશોવિજયજીના પારમાર્થિક સદ્ગુરુ

આ આનંદઘનજીના પ્રસંગ ઉપરથી વર્ત્તમાનમાં પણ જે કોઇ અલ્પશ્રુત અજ્ઞાની જન યત્ર તત્રથી કંઇક શીખી લઇ પોતાને જ્ઞાની માની બેસવાનો ફાંકો રાખતો હોય તેને ઘણો ધડો લેવા જેવું છે, અને આ મુદ્દો ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે કે-આત્માનુભવી એવા સાચા સદ્ગુરુના સમાગમ-યોગ વિનાનું ગમે તેટલું શ્રુતજ્ઞાન પણ મિથ્યા છે, એવા ભાવયોગી સદ્ગુરુથી પ્રાપ્ત ગુરુગમ વિનાનું જ્ઞાન અકિંચિત્કર છે. તેનું આ જ્વલંત ઉદાહરણ છે, કારણ કે ગુરુઓનો ગુરુ ને આચાર્યોનો આચાર્ય એવો આ શ્રી યશોવિજય જેવો ધર્મધુરંધર મહાશ્રુતધર પુરુષ પણ ગંભીરપણે નિખાલસતાથી એકરાર કરે છે કે-'હું આવા આત્મજ્ઞ સંતના દર્શનસમાગમ પહેલાં લોઢું હતો, ને આ પારસમણિના સમાગમ યોગ પછી સોનું બન્યો છું.' આ પારમાર્થિક સદ્ગુરુનો અને તેના થકી પ્રાપ્ત ભાવ ×ગુરુ-

× "ગગનમંડલમેં અધબિચ કૂવા,
ઉંહા હે અમીકા વાસા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમનો અપૂર્વ મહિમા સૂચવે છે. શાસ્ત્રમાં જે ગુરુમહિમા બહુ ગાવામાં આવ્યો છે તેનું રહસ્ય આ જ છે. એમ તો આ પૂર્વે શ્રી યશોવિજયજીને બીજા વ્યાવહારિક ગુરુઓનો કાંઈ તોટો નહોતો; ન્યાય, દર્શન, વિદ્યા, દીક્ષા આદિ અંગે તેમને અનેક ઉત્તમ ગુરુ સાંપડ્યા હતા, છતાં તે 'લોઢું'' કેમ રહ્યા? કારણ એટલું જ કે એવા લાખો ગુરુઓથી જીવનું પારમાર્થિક કલ્યાણ થતું નથી, પારમાર્થિક કલ્યાણ તો એક જ્ઞાની પારમાર્થિક સદ્ગુરુના યોગથી જ થાય છે. શ્રી યશોવિજયજીને આનંદઘનજીનો સમાગમ થતાં આ પારમાર્થિક ગુરુની ખોટ પૂરાઇ. આમ આનંદઘનજી શ્રી યશોવિજયજીના પારમાર્થિક સદ્ગુરુ છે, એ આ ઉપરથી ફલિત થાય છે.

### ક્રાંતિકારી પ્રસંગ—

આ આનંદઘનજીનો સમાગમ એ શ્રી યશોવિજયજીના જીવનનો પરમ ધન્ય અને મહત્વનો પ્રસંગ છે, એમ આપણે માન્ય કરવું પડશે. આ પ્રસંગે તેમના જીવનમાં અજબ ક્રાંતિકારી પલટો આવ્યો હશે, અને ત્યાર પછીનો તેમનો આંતરપ્રવાહ અધ્યાત્મ યોગ ને ભકિત વિષયના પંથે વિશેષે કરીને મુખ્યપણે ઢળ્યો હશે, એમ આ ઉપરથી સ્વાભાવિક અનુમાન થાય છે.

સુગુરા હોએ સો ભરભર પાવે,
નગુરા જાવે પ્યાસા. ''

**શ્રી આનંદઘનજી**

'' બૂઝી ચહત જો પ્યાસકી,
હૈ બૂઝનકી રીત;
પાવે નહિં ગુરુગમ બિના,
યેહી અનાદિ સ્થિત. ''

**શ્રીમદ્ રાજચંદ્રજી**

### સાહિત્યસેવાના બે તબક્કા—

એટલે આ ઉપરથી આપણે બીજું એક સામાન્ય અનુમાન પણ તારવી શકીએ કે—

(૧) સાહિત્ય જીવનના પૂર્વ ભાગમાં તેમણે મુખ્ય કરીને ન્યાય, સમાજસુધારણા ને ભક્તિ વિષય પર પોતાની લેખિની પ્રબળપણે ચલાવી હશે.

(૨) અને ઉત્તર ભાગમાં આનંદઘનજીના સમાગમ પછી શાંત થઈ જઇ તેઓ અધ્યાત્મ, યોગ ને ભક્તિના વિષયમાં ખૂબ ખૂબ ઊંડા ઊતર્યા હશે, અને તેનો ફલપરિપાક આપણને તદ્વિષયક ગ્રંથરત્નો દ્વારા આપ્યો હશે.

આવા આ ધર્મધુરંધર મહાત્મા યશોવિજયજીએ શુદ્ધ માર્ગપ્રભાવના કરી, ભારતનું ભૂષણ વધાર્યું, જગત્‌ને ઉત્તમ તત્ત્વજ્ઞાનની ભેટ ધરી અને સમાજની વિવિધ પ્રકારે સેવા કરી જનકલ્યાણ કર્યું. એમની આ સેવાના મુખ્ય આ વિભાગ પાડી શકાય.

(૧) આદર્શ સમાજ સુધારક તરીકે, (૨) પ્રખર ન્યાયવેત્તા અને ઉત્તમ દર્શનશાસ્ત્રી તરીકે, (૩) પ્રથમ પંક્તિના કવિ તરીકે, (૪) ઉત્કૃષ્ટ વ્યાખ્યાતા ટીકાકાર-તત્ત્વવિવેચક તરીકે, (૫) પરમ ભક્ત તરીકે, (૬) અધ્યાત્મવેત્તા-યોગરહસ્યવિદ તરીકે—

(—અપૂર્ણ)

## વર્તમાન સમાચાર

### સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ.

વીસમી સદીની મહાન્ વિભૂતિ પંજાબદેશોદ્ધારક જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ. ને સ્વર્ગવાસ થયાં પચાસ વર્ષ પૂરા થતાં તેઓશ્રીજીની સ્વર્ગારોહણ તિથિ (જયંતી) તેઓશ્રીજીના પટ્ટધર પંજાબકેસરી જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની હાજરીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાંવાલાના સમાધિમંદિરમાં જેઠ શુદિ ૮ના રોજ ધામધૂમપૂર્વક ઉજવાય છે. આવા વિશ્વોપકારી **ધર્મ-ધુરંધર મહાત્માની અર્ધશતાબ્દિ મોટા સમારોહપૂર્વક ઉજવવાની ભાવના આ પ્રસંગે જ હતી,** પરંતુ ખાસ કરીને દેશની ખાદ્ય સંબંધી કટોકટીને લક્ષમાં રાખતાં અને ગરમીની મોસમ હોવાથી ફાગણ મહિનામાં ઉજવવા વિચાર રાખેલ છે.

ચતુર્વિધ સંઘ સાથે સમાધિમંદિર પધારતાં આચાર્યદેવે પ્રભુદર્શન તથા ગુરુદર્શન કર્યાં હતાં અને શ્રી સંઘને મંગલિક સંભળાવી ઉપદેશ આપતાં વર્તમાનમાં દેશની જે પરિસ્થિતિ થઇ રહી છે તે ઉપર સારો પ્રકાશ પાડ્યો હતો, અને જ્યાં સુધી પરિસ્થિતિ નહીં સુધરે અને અર્ધશતાબ્દિ નહીં ઉજવાય ત્યાં સુધી દરરોજ ઘર દીઠ એકેક આયંબિલ કરવા અને શ્રી શાંતિનાથ ભગવાનનો જાપ કરવા માટે ભલામણ કરી હતી. શ્રી સંઘે ગુરુદેવના આદેશને શિરોધાર્ય કર્યો હતો.

જેઠ શુદિ ૮ ના રોજ ગુરુદેવની છબીને પાલખીમાં પધરાવી વરઘોડા સાથે સમાધિમંદિરમાં પધરાવવામાં આવી હતી અને શ્રી જિનમંદિર તથા ગુમરુંદિરમાં પૂજા ભણાવવામાં આવી હતી.

તથા પૂજ્યપાદ આચાર્યદેવાદિ સાધુ સાધ્વીની છત્રછાયામાં શ્રીમાન બાબૂ જ્ઞાનચંદજી જૈનના સભાપતિત્વમાં સવારના ૮ થી ૧૨ અને બપોરના ૩-૬ વાગ્યા સુધી સભા ભરવામાં આવી હતી. પ્રથમ લાલા માણેકચંદ છોટાલાલજીએ એક સો એકત્રીસ મણ ઘીની બોલીથી વાસક્ષેપથી ગુરુપૂજન કર્યું હતું. ગુરુકુલના વિદ્યાર્થીઓએ ગુરુસ્તુતિ કરી હતી અને સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજીમાં ધાર્મિક અને સામાજિક સંવાદ ભજવ્યા હતા.

એક ખાસ ઉલ્લેખનીય ઘટના એ થઈ કે આચાર્યદેવના સદુપદેશથી પંજાબના શ્રી સંઘે જે રૂા. ૨૦૦૦૦) વીસ હજારની રકમ એકત્ર કરેલી છે તે શ્રી હિન્દુ યુનિવર્સીટી બનારસમાં શ્રી આત્માનંદ જૈન વિદ્યાર્થી આશ્રમ કાયમ રાખવા માટે આપવી. તેમાં જૈન વિદ્યાર્થીઓ માટે રહેવાની અને દર્શન-પૂજનની યોગ્ય સગવડ કરવામાં આવશે.

અગીઆરશના રોજ પૂજ્યપાદ આચાર્યદેવાદિ મુનિમંડલનો પ્રવેશ શ્રી સંઘે ઠાઠમાઠપૂર્વક શહેરમાં કરાવ્યો હતો. દરરોજ આચાર્યદેવના પ્રભાવશાલી વ્યાખ્યાન થાય છે અને જૈન જૈનેતર જનતા સારી સંખ્યામાં લાભ લઇ રહી છે.

---

શેઠશ્રી આણંદજી કલ્યાણજીની અત્રેની પેઢીના માજી મુનિમ જેચંદભાઇ ધ્રુવના પુત્ર **મી. ઇન્દુલાલ જેચંદભાઈ** ધ્રુવ એમ. એ. ની પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ થવાથી અત્રેની શામળદાસ કૉલેજમાં તેમની પ્રૉફેસર તરીકે નિમણુંક થઇ છે. એ માટે અમે અમારો હર્ષ પ્રદર્શિત કરીએ છીએ.

---

જૈન સમાજમાં જાણીતા સુધારક શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા ( ભાવનગર )ની સુપુત્રી બ્હેન **ચારુશીલા** એમ. બી. બી. એસ. ના પરીક્ષામાં બીજે નંબરે પાસ થયા છે. અને સર્જરીમાં પ્રથમ નંબરે આવતા ગોલ્ડ મેડલ મેળવ્યો છે. બીજી પુત્રી બ્હેન **મિતાક્ષરા** પણ આ વર્ષે બી. એ.માં પાસ થયેલ છે. સુશિક્ષિત માબાપો પોતાના ફરજંદોને આ રીતે ઉત્તમ શિક્ષણ આપી શકે છે. બન્ને બ્હેનોને અમારાં હાર્દિક અભિનંદન.

---

# સ્વીકાર સમાલોચના

( ૧ ) **અમર આત્મમંથન**—લેખક અમરચંદ માવજી શાહ, રા. રા. શ્રીયુત ભોગીલાલભાઇ તરફથી ભેટ મળી છે.

( ૨ ) **સુધા-સ્યન્દિની**—સંચય કરનાર મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ. શા કેશવલાલ ચુનીલાલ ઘાટકોપરવાળા તરફથી ભેટ મળી છે.

( ૩ ) **ભક્તિરસ પ્યાલા**—સંપાદક મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ બાબુલાલ ભગવાનજી દાદરવાળા મારફત ભેટ મળી છે.

( ૪ ) **સ્તોત્ર સંગ્રહ**—સંગ્રાહક-મુનિરાજ શ્રી મણિવિજયજી મહારાજ. શા હીરાચંદ હરગોવિંદદાસ તરફથી ભેટ મળી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

[ પુસ્તક ૪૩ મું ]

[ સં. ૨૦૦૧ ના શ્રાવણ માસથી સં. ૨૦૦૨ ના આષાઢ માસ સુધીની ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રી શાન્તિનાથ પ્રભુનું સ્તવન | ( શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧ |
| ૨. | નૂતન વર્ષાભિનંદન | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨ |
| ૩. | રાવબહાદુર શેઠ સાહેબ જીવતલાલભાઇનું જીવનચરિત્ર | ( સભા ) | ૫ |
| ૪. | નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ ) | ૭ |
| ૫. | શ્રી જ્ઞાનસારના બત્રીસ અષ્ટકનો સંક્ષિપ્ત સાર | ( શ્રી પુણ્યવિજયજી મહારાજ સંવિજ્ઞ પાક્ષિક ) | ૧૩, ૨૬, ૯૮, |
| ૬. | બેદરકારીનો ભોગ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૪, ૨૭, ૪૧, |
| ૭. | સંક્ષિપ્ત બોધવચનમાળા | ( આ. શ્રી. વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૧૬, ૨૨, ૬૮, |
| ૮. | પર્યુષણા પર્વારાધના | ( શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૧૭ |
| ૯. | કાવ્ય અષ્ટપદી | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૮ |
| ૧૦. | ચલે નદીકા વહેણુ | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૮ |
| ૧૧. | કાવ્યથી મળતાં મહાન લાભો | ( શ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૧૯ |
| ૧૨. | જગદ્‌ગુરુશ્રી વિજયહીરસૂરીશ્વરજી | ( શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૪ |
| ૧૩. | વૈરાગ્યમય વિવિધ વિચારો | ( શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૫ |
| ૧૪. | પ્રાસંગિક સ્ફુરણુ | ( શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ ) | ૨૯ |
| ૧૫. | વર્તમાન સમાચાર | ( સભા ) | ૩૦, ૪૮, ૬૪, ૮૮, ૧૦૮, ૧૨૮, ૧૪૭, ૨૨૭ |
| ૧૬. | સ્વીકાર સમાલોચના | ( સભા ) | ૧૬૮, ૨૧૦, ૩૧, ૬૪, ૮૮, ૧૦૮, ૧૪૭, ૧૯૦, ૨૨૮ |
| ૧૭. | શ્રીમાન શેઠ સાહેબ અમૃતલાલ કાળીદાસનો આછો જીવનપરિચય | ( સભા ) | ૩૫ |
| ૧૮. | દીપોત્સવી સ્તવન | ( શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૩૭ |
| ૧૯. | કવિ કેમ બનાય ? | ( શ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૩૮, ૫૧, ૧૩૧, ૧૭૫ |
| ૨૦. | શ્રી સિદ્ધચક્રજીનું અપૂર્વ મહાત્મ્ય | ( શ્રી લક્ષ્મીસાગજી મહારાજ ) | ૪૪ |
| ૨૧. | નૂતન વર્ષ–મંગળાચરણુ | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૪૯ |
| ૨૨. | નૂતન વર્ષાભિનંદન | ( શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૫૦ |
| ૨૩. | વિચારશ્રેણી | ( આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૫૪, ૬૬, ૧૧૦, ૧૩૦, |
| ૨૪. | આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ | ( શ્રી પુણ્યવિજયજી મહારાજ સંવિજ્ઞ પાક્ષિક ) | ૫૬, ૭૨, |
| ૨૫. | મંત્રીશ્વરો વસ્તુપાળ તેજપાલની સાહિત્યસેવા | ( શ્રી ડુંગરશી ધરમશી સંપટ ) | ૬૦ |
| ૨૬. | પ્રાસંગિક સ્ફુરણુ | ( શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ ) | ૬૧ |
| ૨૭. | કેટલીક વ્યાખ્યાઓ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૬૩ |
| ૨૮. | જિનેશ્વર સ્તુતિ | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૬૫ |
| ૨૯. | એ નયનો ! | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૬૫ |
| ૩૦. | કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | ( શ્રી ન્યાયવિજયજી ) | ૭૪, ૧૩૫, ૧૬૩, ૧૮૬, ૨૦૧, ૨૨૦ |
| ૩૧. | પ્રમાદથી સત્યાનાશ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૭૯, ૧૨૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩૨. | સમ્યગ્ જ્ઞાનની કુંચી મૂળઃ યોગની અદ્ભૂત શક્તિ | ( શ્રી ચંપતરાય જૈની બેરીસ્ટર ) | ૮૧, ૧૦૫ |
| ૩૩. | શ્રી જિનદેવ સ્તવન | ( શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૮૯ |
| ૩૪. | પુન્યની મહત્વતા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૯૦ |
| ૩૫. | વિક્રમ રાજાને જૈન બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર | ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૧૦૧ |
| ૩૬. | આનંદજનક સમાચાર | ( સભા ) | ૧૦૭, ૧૮૯ |
| ૩૭. | શેઠ સાહેબ ખુશાલભાઈ ખેંગારભાઈનો ટૂંક જીવનપરિચય | ( સભા ) | ૧૦૮ |
| ૩૮. | શ્રી શાંતિનાથ તીર્થંકરનું સ્તવન | ( શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૧૦૯ |
| ૩૯. | વાદ–પ્રતિવાદના ભેદ–પ્રભેદો | ( શ્રી પુણ્યવિજયજી મહારાજ સંવિજ્ઞ પાક્ષિક ) | ૧૨૧ |
| ૪૦. | ઉપદેશક પદ | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૨૯ |
| ૪૧. | નય–પ્રમાણ–સ્યાદ્વાદ વચ્ચેનો સંબંધ અને અંતર | ( શ્રી પુણ્યવિજયજી મહારાજ સંવિજ્ઞ પાક્ષિક ) | ૧૩૩, ૧૫૫ |
| ૪૨. | શ્રી પ્રભુ મહાવીરે પ્રરૂપેલી ધર્મની સર્વદેશીયતા | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૧૩૭ |
| ૪૩. | મરણભય શા માટે ? | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ બી. એ. એલએલ. બી. ) | ૧૩૯, ૧૫૮ |
| ૪૪. | શ્રીમાન યશોવિજયજી | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા એમ બી. બી. એસ. | ૧૪૧, ૧૬૦. ૧૮૮, ૨૦૪, ૨૨૫ |
| ૪૫. | આપણું કલ્યાણ | ( અભ્યાસી ) | ૧૪૩ |
| ૪૬. | શ્રી પદ્મપ્રભ જિન સ્તવન | ( શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૪૮ |
| ૪૭. | શ્રી સિદ્ધચક્ર સ્તવન | ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૧૪૯ |
| ૪૮. | મોહ મહિમા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૫૦ |
| ૪૯. | ન્યાયરત્નાવલિ | ( શ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૧૫૨ |
| ૫૦. | પ્રમાદનું સ્વરૂપ | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૬૫ |
| ૫૧. | જિનશાસન જ્યોતિર્ધર | ( શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ ) | ૧૬૮ |
| ૫૨. | ઉન્નતિ–શૃંગે | ( શ્રી ગોવિંદલાલ ક. પરીખ ) | ૧૬૯ |
| ૫૩. | આંગન ફૂલો બીછાઈ | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૭૦ |
| ૫૪. | કાઢી નાખો | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૭૧ |
| ૫૫. | શ્રમણોપાસક ધર્મભાવના | ( આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ) | ૧૭૭–૨૧૬ |
| ૫૬. | સામયિક ચેતવણી | ( અભ્યાસી ) | ૧૮૦ |
| ૫૭. | સિદ્ધાર્થનંદ કહોને | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૧૯૧ |
| ૫૮. | શ્રી નવકાર મહામંત્ર | ( શ્રી હીરાચંદ ઝવેરચંદ ) | ૧૯૨ |
| ૫૯. | સાચી સ્વાધીનતા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૯૩ |
| ૬૦. | પરિગ્રહ મીમાંસા | ( શ્રી. ધુરંધરવિજયજી મહારાજ ) | ૧૯૮ |
| ૬૧. | શ્રદ્ધાન અને સમ્યક્ત્વનો કથંચિત્ ભેદ | ( શ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૨૦૬ |
| ૬૨. | આત્માનુભવ | ( શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૦૭ |
| ૬૩. | શ્રી મહાવીર સ્તુતિ | ( શ્રી યશોભદ્રજી મહારાજ ) | ૨૧૦ |
| ૬૪. | આ સભાનો ૫૦ મો વાર્ષિક મહોત્સવ અને ગુરુદેવ જયન્તિ | ( સભા ) | ૨૧૦ |
| ૬૫. | અમર નૌકા | ( ગોવિંદલાલ ક. પરીખ–કડી ) | ૨૧૧ |
| ૬૬. | મૃત્યુની મૂંઝવણ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૨૧૩ |
| ૬૭. | સાચો વિજય | ( અનુ. અભ્યાસી ) | ૨૨૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાવી ભેટ આપે છે, જે રીતે કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથાં સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા સુમારે સાડા છસો ૬૫૦) પાનાના દળદાર ગ્રંથો થશે.

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઈ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના વખતની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧–સતી ચરિત્ર ૨–સુરસુંદરી** ચરિત્ર બે ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ત્રીજો છે. આમાં કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઇંડીંગવડે તૈયાર થાય છે.

---

**છપાતા ગ્રંથો–( ભાષાંતર )**

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.

૨ શ્રી વસુદેવ હિંડી.

**છપાતા મૂળ ગ્રંથો.**

૧ બ્રહત્ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.

૨ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ૨–૩–૪–૫ પર્વ

**છપાવવાના અનુવાદોના ગ્રંથો.**

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.

૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.

૩ શ્રી દમયંતી ચરિત્ર.

---

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨–૮–૦ | ૯ શ્રી પંચમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ |
| ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ૧૦ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩–૦–૦ |
| ૩ શ્રી વિમળનાથ ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ૧૧ ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૪ સુમુખ નૃપાદિક કથાઓ | રૂા. ૧–૦–૦ | ૧૨ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર | |
| ૫ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૬ શ્રી પૃથવીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ | ૧૩ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર | |
| ૭ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ | શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૮ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ | | |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


## સંસ્કૃત ગ્રંથોની-થોડી નકલો સીલીકે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૪-૫ | રૂા. ૫ા રૂા. ૬ | ૪ જૈન મેઘદૂત | રૂા. ૨-૦-૦ |
| ૨ કર્મગ્રંથ બીજો ભાગ | રૂા. ૪-૦-૦ | ૫ કથારત્ન કોષ ( ગ્લેઈઝ ) | રૂા. ૮-૮-૦ |
| ૩ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પ્રથમપર્વ બુકાકારે | રૂા. ૧-૮-૦ | ૬ નવસ્મરણ સ્તોત્ર સંદોહ | રૂા. ૦-૮-૦ |

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

### ( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસોનું છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )

### થોડી નકલો સિલકે રહી છે.

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં-શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ સુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઇ ગયેલ છે. કિંમત લેઝર પેપરના રૂા. ૨-૮-૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨-૦-૦


---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only